પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૩ | ૧૩ એપ્રિલ, ૨૦૧૮, શુક્રવાર ; ચૈત્ર વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સુપ્રિમ કોર્ટનું અસ્તિત્વ ખતરામાં : જસ્ટિસ કુરિયન

**ઈતિહાસ આપણને માફ નહીં કરે : જસ્ટિસ કુરિયન જોસેફે ભારતના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ દિપક મિશ્રાને પત્ર લખીને વાત જણાવી : જસ્ટિસ કુરિયને કહ્યુ છે કે પહેલીવાર અદાલતના ઈતિહાસમાં એવું બન્યું છે કે કોઈ ભલામણ પર ત્રણ માસ બાદ પણ એ ખબર પડી રહી નથી કે તેનું શું થયું**

ન્યુ દિલ્હી,તા.૧૨

સુપ્રીમ કોર્ટનું અસ્તિત્વ ખતરામાં છે અને જો ન્યાયાધીશોની નિયુક્તિના મામલે સરકારની ચુપકીદી પર કોર્ટ કંઈ નહીં કરે તો ઈતિહાસ આપણને માફ નહીં કરે. જસ્ટિસ કુરિયન જોસેફે ભારતના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ દીપક મિશ્રાને એક પત્ર લખીને તેમા આ સનસનાટીપૂર્ણ વાત જણાવી છે. જસ્ટિસ કુરિયન જોસેફના પત્ર બાદ દેશની ન્યાયિક વ્યવસ્થામાં ફરીથી એક નવા વિવાદની શરૂઆત થવાની અને સરકાર તથા સુપ્રીમ કોર્ટ વચ્ચે એક નવા પ્રકારના ટકરાવની શરૂઆતની આશંકા છે.

અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે જસ્ટિસ કુરિયન જોસેફે પોતાના પત્રમાં લખ્યું છે કે કોલેજિયમ દ્વારા એક ન્યાયાધીશ અને એક વરિષ્ઠ વકીલને પ્રમોશન





આપીને સુપ્રીમ કોર્ટમાં લાવવાની ભલામણને દબાવીને બેસવાના સરાકરના અભૂતપૂર્વ પગલા પર જો કોર્ટ કોઈ પ્રતિક્રિયા નહીં આપે તો ઈતિહાસ આપણને માફ નહીં કરે. હકીકતમાં જસ્ટિસ કુરિયન જોસેફે કોલેજિયમના ફેબ્રુઆરીના નિર્ણયનને ટાંક્યો છે. જેમાં વરિષ્ઠ એડવોકેટ ઈંદુ મલ્હોત્રા અને ઉત્તરાખંડ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ કે.એમ. જોસેફને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનાવવાની ભલામણ કરવામાં આવી છે.

આ પત્રમાં વેધક શબ્દોમાં અપીલ કરતા જસ્ટિસ કુરિયને કહ્યુ છે કે પહેલીવાર અદાલતના ઈતિહાસમાં એવું બન્યું છે કે કોઈ ભલામણ પર ત્રણ માસ બાદ પણ એ ખબર પડી રહી નથી કે તેનું શું થયું. તેમણે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને પત્ર દ્વારા જણાવ્યુ છે કે આ મામલા પર સુઓમોટો દ્વારા સાત વરિષ્ઠ ન્યાયાધીશોની ખંડપીઠ દ્વારા સુનાવણી કરવામાં આવે.

જો જસ્ટિસ કુરિયન દ્વારા પત્રમાં કરવામાં આવેલી માંગણીને માની લેવામાં આવશે, તો સાત

● અનુસંધાન પાન-૭ પર

## ચુકાદો સંભળાવીશ તો ૨૪ કલાકમાં પાછો પલટી જશે : જસ્ટિસ ચેલમેશ્વર

**કોર્ટમાં કેસની ફાળવણીની અરજી પર સુનાવણી નહીં કરે જસ્ટિસ ચેલમેશ્વર**

ન્યુ દિલ્હી,તા.૧૨

સુપ્રીમ કોર્ટમાં કેસોની વ્હેંચણી અને બેંચ નક્કી કરવાને લઈને દાખલ કરવામાં આવેલી બીજી અરજી અંગે જસ્ટિસ જે. ચેલમેશ્વરે સુનાવણીનો ઈક્નાર કરી દીધો છે. આ અરજીને વકીલ પ્રશાંત ભૂષણે દાખલ કરી હતી. જસ્ટિસ ચેલમેશ્વરે કહ્યું કે, હું નથી ઈચ્છતો કે મારો આદેશ ૨૪ કલાકમાં જ બદલાવામાં આવે. એક જસ્ટિસનો પત્ર અને એક જસ્ટિસના ઈન્કારથી દેશની કાયદાકિય વ્યવસ્થામાં ફરી એકવાર વિવાદ શરૂ થવા અને સરકાર તથા સુપ્રીમ કોર્ટની વચ્ચે એક પ્રકારનો ટકરાવ શરૂ થવાની આશંકા છે.

પ્રશાંત ભૂષણે જસ્ટિસ ચેલમેશ્વરની સામે ચીફ જસ્ટિસ દ્વારા કામની ફાળવણીના અધિકારને પડકારનારી અરજી પર સુનાવણીની માગ કરવામાં આવી છે. આ અંગે જસ્ટિસ ચેલમેશ્વરે કહ્યું કે, "હું નથી ઈચ્છતો કે મારો આદેશ ૨૪ કલાકમાં જ બદલાવામાં આવે. મારા રિટાયર્ડમેન્ટને થોડાંક દિવસો જ બચ્યાં છે. જ્યારે દેશ નથી ઈચ્છતો તો હું શું કરી શકું છું. મારા માટે કહેવામાં આવે છે કે હું ખાસ પદ માટે આ બધું કરી રહ્યો છું. જો કોઈને ચિંતા જ નથી તો હું પણ ચિંતા નહીં કરૂ. દેશના ઈતિહાસને જોતાં, જાહેર રીતે હું મામલાને નહીં સાંભળુ.

## દિલ્હી-એનસીઆરમાં વરસાદ

**પ્રચંડ પવનના કારણે તાજ મહેલની મીનારો તુટ્યો : તાજમહેલને નુકસાન થતા તંત્ર ચિંતિત : નોઇડા, ગુડગાવ, ગાઝિયાબાદમાં વરસાદ : દેશભરમાં હવામાનમાં પલટો**

નવી દિલ્હી,તા.૧૨

દેશના કેટલાક ભાગોમાં છેલ્લા કેટલાક દિવસથી સાંજના સમયમાં વાતાવરણમાં પલટો આવી રહ્યો છે. જેની અસર વચ્ચે વરસાદ થઈ રહ્યો છે. ગુજરાતના મોટા ભાગના સોરાષ્ટ્રના વિસ્તારો અને ઉત્તર ગુજરાતમાં વરસાદ થયાના એક દિવસ બાદ આજે દિલ્હી-એનસીઆરના મોટા ભાગના વિસ્તારોમાં હળવો વરસાદ થયો હતો. પંજાબ, બિહાર, મધ્યપ્રદેશના જુદા જુદા ભાગોમાં પણ વરસાદ થયો છે. કેટલીક જગ્યાએ કરા સાથે વરસાદ થયો છે. આજે સવારે લોકો ઉઠ્યા ત્યારે રોમાંચક વાતાવરણ જોવા મળ્યુ હતુ. વરસાદી માહોલ રહેતા લોકોને ગરમીથી રાહત થઈ હતી. આકાશમાં વાદળો છવાયેલા હતા. દિલ્હી-એનસીઆરમાં રહેતા લોકો ખુશ દેખાયા હતા. દિલ્હી ઉપરાંત નોઈડા, ગુડગાવ

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં મોસમનો મિજાજ બદલાયો

**૩૦થી વધુનાં મોત, ખેતીમાં ભારે નુકશાન : રાજસ્થાનમાં વરસાદનો કહેર, કરા પડવાથી ૧૨ના મોત, અસંખ્ય ઘાયલ : મથુરા, આગ્રામાં વરસાદી કહેર; બે મકાનની છત તૂટી, ૩ બાળકો સહિત ૧૬નાં મોત,તાજમહેલના પિલ્લરને થયું નુકસાન**

ન્યુ દિલ્હી,તા.૧૨

દેશભરમાં બદલાતા મોસમના મિજાજે વિકરાળ સ્વરૂપ લીધું હતું. આની સૌથી વધુ અસર યુપી અને રાજસ્થાનમાં જોવા મળી છે. મકાનો અને વીજળી પડવાને કારણે અલગ-અલગ સ્થાનો પર ૩૦ લોકોનાં મોત નીપજ્યા છે. તો માર્ગ પર વૃક્ષોના પડવાને કારણે કલાકો સુધી જામની સ્થિતિ પણ જોવા મળી છે. તોફાની વરસાદના કેરને કારણે રાજસ્થાનના ધૌલપુરમાં સાત લોકોના મોત નીપજ્યા છે. તો અન્ય ઘણાં લોકો ઘાયલ હોવાના અહેવાલ છે. ધૌલપુરમાં જીવ ગુમાવનારાઓ સાત લોકોમાં બાળકોની સંખ્યા વધુ છે. વરસાદને કારણે ધૌલપુરની સડકો પર જળ ભરાવની સ્થિતિ સર્જાઈ છે. વરસાદને કારણે આગ્રા-ધૌલપુર ટ્રેન માર્ગ પણ અસરગ્રસ્ત બન્યો છે. ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ગુજરાત સૌથી વધુ પ્રભાવિત થયું છે.

ત્યારે ઉત્તરપ્રદેશ અને રાજસ્થાન સહિત દિલ્હી-એનસીઆરમાં આંધી સાથે આવેલા ભારે વરસાદના કારણે બનેલા વિવિધ બનાવમાં કુલ ૧૬ લોકોનાં મોત થયાં છે, જેમાં રાજસ્થાનમાં ભારે વરસાદથી ૧૨નાં તેમજ મથુરામાં વરસાદથી મકાનની છત પડતાં ત્રણ બાળક સહિત ચારનાં મોત થયાં છે.

આ દરમિયાન દિલ્હી-

## ન્યુઝ ટ્રેક

### તૈયારી વિના નોટબંધી લગાવાઈ : રાજન

આરબીઆઈના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને કહ્યુ છે કે નોટબંધીનો નિર્ણય સુનિયોજીત ન હતો અને વિચારીને ભરાયેલુ પગલું ન હતુ. તૈયારી વિના જ નોટબંધી કરાતા પ્રજાજનો મુશ્કેલીમાં મુકાયા હતા.

### રાબડીદેવીને પુનઃ સુરક્ષા

રાબડીદેવીની સુરક્ષા પાછી ખેંચાયાના ગણતરીના કલાકોમાં જ બિહારની નિતીશકુમારની સરકારે તેમની સુરક્ષા પાછી પોલીસકર્મીઓને સોંપી દીધી છે. સુરક્ષા પાછી ખેંચાયા મામલે ઘણો વિવાદ થયો હતો.

### કૌભાંડી નીરવ મોદી હોંગકોંગમાં

દેશના સૌથી મોટા બેંક કૌભાંડના આરોપી નીરવ મોદી હોંગકોંગમાં હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. ભારતે નીરવ મોદીને ભારતને સોંપવા હોંગકોંગ સરકારને કહ્યુ છે. જો કે આ બાબતે હજુ કોઈ જવાબ પ્રાપ્ત થયો નથી.

### યુએસમાં ગુમ સુરતી પરિવારની કારના ટુકડા મળ્યા

અમેરિકાની યુનિયન બેંકમાં ફરજ બજાવતો પરિવાર પાંચમી એપ્રિલે ગુમ થયો હતો. જેની શોધખોળ ચાલી રહી હતી. સુરતમાં રહેતા સંબંધીઓએ માહિતી આપી છે કે તેમની કારના ટુકડા મળી આવ્યા છે. ભારે વરસાદમાં તેમની કાર તણાઈ હોવાની આશંકા છે.

### એનસીપી કર્ણાટક ચૂંટણી નહી લડે

ભાજપને હરાવવાના પગલારૂપે એનસીપીએ કહ્યુ છે કે આગામી મહિને થનારી કર્ણાટકની ચૂંટણીમાં તેઓ પોતાનો ઉમેદવાર નહી ઉતારી કોંગ્રેસને સમર્થન આપશે.

## IRNSS-1I સફળતાપૂર્વક લોન્ચ

**લોંચના ૧૯મી મિનિટમાં પરિભ્રમણ કક્ષામાં સેટેલાઇટ ગોઠવાયું : આઠમાં નેવિગેશન સેટેલાઇટને શ્રીહરિકોટા ખાતેથી વહેલી પરોઢે ચાર વાગે લોંચ કરાતા વૈજ્ઞાનિક સમુદાયમાં ખુશીનું મોજુ ફેલાયું**



શ્રીહરિકોટા,તા. ૧૨

ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ઈસરો)એ આજે વધુ એક મોટી સિદ્ધિ હાસલ કરી હતી. ઈસરોએ આજે પોતાના નેવિગેશન સેટેલાઈટ આઈઆર એન એસએસ-૧આઈને સફળતાપૂર્વક લોંચ કરી દેતા વૈજ્ઞાનિક સમુદાયમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. સ્વદેશી ટેકનોલોજી ઉપર આધારિત આઈઆર એન એસએસ-૧આઈ સેટેલાઈટને પીએસએલવી-સી૪૧ રોકેટ મારફતે લોંચ કરવામાં સફળતા મળી હતી. આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં સ્થિત સતીષ ધવન અંતરિક્ષ કેન્દ્રથી વહેલી પરોઢે ચાર વાગે આઈઆરએનએસએસ-૨ને ફર્સ્ટ લોંચ પેડ (એફએલપી)થી પીએસએલવી-સી૪૧ મારફતે લોંચ કરી દેવામાં આવ્યું હતું. આઈઆરએનએસએસ-૧આઈ આઈઆરએનએસએસ-૧એચ સેટેલાઈટની જગ્યાએ છોડવામાં આવ્યો છે જેના લોન્ચિંગમાં ગયા સપ્તાહમાં નિષ્ફળતા હાથ લાગી હતી. ભારતીય અવકાશ સંશોધન સંસ્થા ઈસરોએ હાલમાં નિષ્ફળતાનો સામનો કર્યા બાદ આને લઈને ખુબ જ સાવચેતી

● અનુસંધાન પાન-૭ પર

## સિરિયામાં કોઈપણ સમયે હુમલાઓ કરાશે : ટ્રમ્પ

**મિસાઇલ હુમલા કરવાની ધમકીથી દહેશત : કેમિકલ હુમલા કરવામાં આવ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ લાલ ઘૂમ : પરોક્ષ રીતે રશિયન તંત્રની પણ નિંદા કરવામાં આવી**

વોશિંગ્ટન,તા. ૧૨

સિરિયામાં હાલમાં જ કેમિકલ હુમલો કરવામાં આવ્યા બાદ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સિરિયાના પ્રમુખ અશદથી ખુબ જ નારાજ છે. અશદને એક પ્રાણી તરીકે ગણાવીને ડોનાલ્ડ ટ્રમ્પે તેમને જોરદાર ધમકી આપી છે. કિંમત ચુકવવા માટે તૈયાર રહેવા પણ કહ્યું છે. આજે ટ્રમ્પે ટ્વિટ કરીને કહ્યું હતું કે, સિરિયા પર હુમલો કરવામાં આવશે તે વાત તેઓએ ક્યારે કરી નથી પરંતુ વહેલીતકે પણ થઈ શકે છે અને મોડેથી પણ હુમલા થઈ શકે છે. અમેરીકાએ આઈએસથી મુક્તિ અપાવવામાં મોટુ કામ કર્યું છે. થોડાક દિવસ પહેલા જ ટ્રમ્પે કહ્યું હતું કે, તે સિરિયાથી પોતાના જવાનોને પરત ખેંચવા માંગે છે. ગયા સપ્તાહમાં જ ડોમામાં કેમિકલ હુમલો કરાતા ૮૦ લોકોના મોત થઈ ગયા હતા. દરમિયાન સિરિયામાં અમેરિકા લશ્કરી કાર્યવાહી કરવાના વિકલ્પ ઉપર આગળ વધી રહ્યું છે.

## આંબેડકર જયંતિને પગલે કડક બંદોબસ્તની રાજ્ય સરકારોને કેન્દ્ર સરકારની સુચના

**કોઇપણ અંધાધૂંધી અને હિંસાને ટાળવા તમામ પગલા લેવા આદેશ : સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગને તીવ્ર કરવા માટેના પણ આદેશો : શાંતિ અને સદ્‌ભાવની સાથે આંબેડકર જયંતિ ઉજવવા સંઘ-ભાજપની પણ તૈયારી**

નવી દિલ્હી,તા. ૧૨

ગૃહમંત્રાલય દ્વારા બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિને લઈને રાજ્ય સરકારોને જરૂરી ચેતવણી આપી દીધી છે. સુરક્ષાને લઈને પુરતા પગલા લેવા માટે કહેવામાં આવ્યું છે. ગૃહ મંત્રાલયે ૧૪મી એપ્રિલના દિવસે બાબાસાહેબ આંબેડકરની જયંતિના દિવસે જ કોઈપણ પ્રકારની હિંસા કોઈપણ જગ્યાએ ન થાય તેની ખાતરી કરવા સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા માટે સૂચના આપી છે. મંત્રાલય દ્વારા રાજ્ય સરકારોને તમામ સંવેદનશી વિસ્તારોમાં પેટ્રોલિંગની પ્રક્રિયાને ઝડપી કરવા માટે કહેવામાં આવ્યું છે. આંબેડકર જયંતિના દિવસે જાનમાલનું નુકસાન ન થાય તે માટે પણ કહેવામાં આવ્યું છે. જરૂર પડવાની સ્થિતિમાં કોઈપણ પ્રકારના પ્રતિબંધાત્મક આદેશો જારી કરવામાં આવી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

માર્ચ થી દિવાળી સુધી By Air કપલ/ફેમિલિ/LTC પ્રવાસો.

લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ
આંદામાન-હેવલોક/નીલ આઇલેન્ડ
ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા
બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી
ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ
કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી
કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ
નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર
સિમલા-મનાલી-ડેલહાઉસી-અમૃતસર
મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી

નૂતન ટ્રાવેલ્સ Since 1951
ઓ.:૩૦૭, કરીશ્મા કોમ્પ્લેક્ષ, સ્ટેડીયમ સર્કલ, સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
Ph.: 079-26562322/24/25 M.: 9427455274,9408643756,9898023955
E-mail : info@nutantravels.com / nutantravels@gmail.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

RANGOLI® A Colourful beginning
www.rangolischool.co.in
ADMISSION OPEN
Toddler Care • Nursery
Jr. KG • Sr. KG
E-Learning & Digital Classrooms
End to End Support
Best E4 Pedagogy
70+ Preschools & Schools
Prominent player in Education Franchising
First Step Towards QUALITY EDUCATION
Available At:
Sec - 6 Plot: 675, Nr. G2 Circle 97234 66820
Sec - 7 Plot: 1353/A1,7-8 Bus Stand 73599 60007
Sec - 22 Plot: 732, Opp. Rangmanch 97234 66810
Sec - 27 Plot: 265, Gayatri Nagar 63529 29765
Vavol 3, Sankalp Royal, Opp. Shalin-1 72279 77022